પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬૮ | ૧૯ મે, ૨૦૧૯, રવિવાર; વૈશાખ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે અંતિમ તબક્કાની ચૂંટણી માટે મતદાન

**આચારસંહિતા પૂર્ણ : ૮ રાજ્યોની ૫૯ બેઠકો પર મતદાન : બિહારની ૮ , હિમાચલ પ્રદેશની ૪, મધ્યપ્રદેશની ૮, પંજાબની ૧૩, ઉત્તરપ્રદેશની ૧૩, પશ્ચિમ બંગાળની ૯, ઝારખંડની 3 અને એક ચંદીગઢ બેઠક પર મતદાન : વડાપ્રધાન મોદીની વારાણસી, કિરણ ખેરની ચંડીગઢ, સન્ની દેઓલની ગુરદાસપુર બેઠક પર પણ મતદાન**

નવી દિલ્હી,તા. ૧૮

લોકસભાની ચૂંટણીના સાતમાં અને અંતિમ તબક્કા આવતીકાલે મતદાન યોજાશે. આની સાથે જ લાંબા સમયથી ચાલી રહેલી મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. મતદાનના અંતિમ તબક્કા બાદ એગ્ઝિટ પોલના તારણો પણ આવતીકાલે જ જારી કરવામાં આવનાર છે. લોકસભા ચૂંટણીના છ તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ આવતીકાલે બાકી બચી ગયેલી ચંદીગઢ અને સાત રાજ્યોને આવરી લેતી લોકસભાની ૫૯ સીટ પર મતદાન થનાર છે. અંતિમ તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત

● અનુસંધાન પાન-૭ પર

## વારાણસીની બેઠક પર સૌની નજર

વારાણસી, તા. ૧૮

અંતિમ તબક્કાની ચૂંટણીમાં સૌથી હાઈપ્રોફાઈલ વારાણસીને ગણવામાં આવે છે. વારાણસી સીટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી મેદાનમાં છે. તેમની સાથે આ સીટ ઉપર કોંગ્રેસ પાર્ટી તરફથી અજય રાયને ટિકિટ આપવામાં આવી છે જે છેલ્લી ચૂંટણીમાં પરાજિત થયા હતા. આ ઉપરાંત ગઠબંધન તરફથી આ બેઠક ઉપર શાલિની યાદવને ટિકિટ આપવામાં આવી છે. ગઠબંધન તરફથી બીએસએફના પૂર્વ જવાન તેજબહાદુરને ટિકિટ આપવામાં આવી હતી પરંતુ તેમનું નામાંકન રદ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં એમ માનવામાં આવી રહ્યું હતું કે, કોંગ્રેસની ટિકિટ ઉપર આ સીટ ઉપર પ્રિયંકા ગાંધી વાઢેરાને મેદાનમાં ઉતારવામાં આવશે પરંતુ છેલ્લી ઘડીએ કોંગ્રેસે અજય રાયને ટિકિટ આપી હતી. મોદીની જીત આ બેઠક પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

AG TOURISM નો સફળ અને વિશ્વાસ સાથે ૯ માં વર્ષમાં પ્રવેશ
AC સ્લીપર કોચ/
AC રૂમ/
પ્રતિ વ્યક્તિ
રૂા. ૧૪૪૦૦
Premium Person Premium Tour
ઉપડવાની તારીખ : ૩૧ મે અને ૨૭ જુન
અષ્ટવિનાયક યાત્રા
સાથે પાંચ જ્યોર્તિલીંગ + શેરડી + શનિદેવ
જૂજ સીટ બાકી
ગુજરાતી લંચ / ડીનર / બ્રેકફાસ્ટ / મીનરલ વોટર
ઉપડવાની તારીખ : ૧૦ જુલાઈ
શ્રી શૈલમ-હૈદરાબાદ રામોજી ફિલ્મસીટી
3N/4D @ ₹. 8800/-
અનિલ જી. પટેલ
(કોલવડાવાળા) સાયન્સસીટી.
M : 98254 48880
94263 58460

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225













Rera No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA05134/250319 - www.gujrera.gujarat.gov.in

VIHAAN
nirvana

2 BHK FLATS

Nr. Surya Retreat Bunglows,
Besides Sarthak Era Flats, Sargasan, Gandhinagar

exclusively marketed by
tps The Property Shop
+91 95587 88936
+91 95587 88940